**સિવિલમાં સિક્યુરીટીના ટેન્ડરની પ્રક્રિયા દોઢ વર્ષથી અભેરાઈએ**

# સેકટરોમાં નહિવત ફોર્સથી પાણી આવતા ભારે હાલાકી

ગાંધીનગર, તા.૭

આજે ગાંધીનગર શહેરના સેકટરોમાં પાણી ફોર્સથી આવ્યું ન હતું. જેને લીધે સેકટરના રહિશો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા હતા. કોબા પાસે પાણીની લાઈનમાં જોડાણ આપવામાં આવ્યું હતું. જેને પરિણામે લાઈન ખાલી કરવી પડી હતી. જોકે બપોર બાદ નગરના વસાહતીઓને થોડો સમય પાણી આપવામાં આવતા રાહત થઈ હતી. આમ છતા ઘણા જુના સેકટરોમાં પાણી બિલકુલ નહી આવ્યું હોવાની બુમ પણ ઉઠવા પામી હતી. પાણી ઓછું આવતા રોજીંદી દિનચર્યામાં પણ પાણીના વપરાશને લઈ રહિશોએ મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો.

ગાંધીનગરાઓને પાણી ફોર્સથી જોઈએ તેટલું મળે છે જેના કારણે પાણીનો દુરઉપયોગ પણ જોવા મળતો હોય છે. પરંતુ આજે એક દિવસ પાણી ઓછુ મળતા નગરમાં પાણી માટે નગરજનો બુમાબુમ કરતા નજરે પડ્યા હતા. ન્યું ગાંધીનગરમાં પાણીની પાઈપ લાઈનનું કોબા પાસે જોડાણ આપવાનું કામ તંત્ર દ્વારા હાથ ધરાયું હતું. જેને પગલે પાણીની લાઈન આખી ખાલી કરી દેવામાં આવી હતી. આજે જોડાણને પગલે શહેરના ખાસ કરીને જુના સેકટરોમાં પાણી ઓછા ફોર્સથી પહોંચ્યું હતું. જયારે કેટલાંક સેકટરોમાં તો પાણી આવ્યું જ ન હોતું. તંત્ર દ્વારા અગાઉથી જાણ કરવામાં આવી હોવા છતા કેટલાક નગરજનો અજાણ રહેતા ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. વસાહતીઓએ પાણીની ટેન્કર મંગાવીને કામચલાઉ ઉકેલ શોધ્યો હતો. રોંજીદી દિનચર્યામાં પણ પાણીના વપરાશને લઈ રહિશો મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો. બપોરબાદ થોડોક સમય પાણી આપતા નગરવાસીઓએ હાશકારો અનભવ્યો હતો.

# ત્રિ-મંદિર ખાતે આર્ટ ઓફ લિવીંગમાં રાસ-ગરબા યોજાયા

## દિલ્હી ખાતે શ્રીશ્રી રવિશંકરના જન્મદિન નિમિત્તે યોજાનાર કાર્યક્રમમાં ભાગ લેનારા ૧૨૦૦થી વધુ સાધકોનું ગ્રાન્ડ રિહર્સલ યોજાયું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના અડાલજ ખાતે ત્રિમંદિરના દાદાનગર હોલમાં આજે આર્ટ ઓફ લિવીંગ દ્વારા વર્લ્ડ કલ્ચરલ ફેસ્ટિવલ ગરબાનું ગ્રાન્ડ રિહર્સલ યોજાયું હતું. ગઈકાલથી ચાલુ થયેલ આ કાર્યક્રમ આગામી તા. ૧૧ થી ૧૩ ફેબ્રુઆરી દરમ્યાન દિલ્હીમાં આર્ટ ઓફ લિવીંગ સંસ્થાના પ્રણેતા શ્રીશ્રી રવિશંકરના ૬૧મા જન્મદિન નિમિત્તે યોજાનારા ભવ્ય કાર્યક્રમના ભાગરૂપે યોજાયો હતો.


(તસવીર : કશ્યપ નિમાવત)

આર્ટ ઓફ લિવીંગ સંસ્થા દુનિયાનું વિશાળ બિનસરકારી સંગઠન છે જે વિશ્વના ૧૫૫ થી વધારે દેશોમાં તણાવમુક્ત, હિંસા મુક્ત સમાજની રચના માટે કાર્યરત તથા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતુ છે. આ સંસ્થાના પ્રણેતા પદ્મ વિભૂષણ શ્રીશ્રી રવિશંકરના ૬૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે દિલ્હીમાં તા. ૧૧ થી ૧૩મી ફેબ્રુઆરી દરમ્યાન ભવ્ય વર્લ્ડ કલ્ચરલ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિવિધ દેશોના કલાકારો તેમના સાંસ્કૃતિક વારસાને જીવંત કરતી કૃતિઓ પ્રસ્તુત કરશે. આ કાર્યક્રમમાં ગુજરાતના પણ ૧૨૦૦થી વધારે આર્ટ ઓફ લિવીંગ સાથે જોડોયલા સાધકો રાસ-ગરબા સહિતની કૃતિઓ રજૂ કરનાર છે. સમાજના વિવિધ વ્યવસાયો જોડાયેલા આ સાધકો દ્વારા તેમની કૃતિઓનું ગ્રાન્ડ રિહર્સલ તા. ૬ અને ૭ ફેબ્રુઆરી દરમ્યાન અડાલજના ત્રિમંદિર ખાતેના દાદાનગર હોલમાં યોજાયું હતું.


ગાંધીનગર ટાઉનહોલ પાસેનાં પ્રવેશદ્વારે આવેલા વૃક્ષો પર હજારોની સંખ્યામાં ચામાચીડીયા ઊંધા લટકતા જોવા મળે છે. વહેલી સવારે અને સમી સાંજે એમનાં વિશિષ્ટ અવાજ દ્વારા રાહદારીઓનું ધ્યાન આકર્ષિત કરે છે. ખાસ વાત એ છે કે આજ વૃક્ષો પર દિવસ દરમિયાન ચામાચિડીયા અને રાત્રી દરમિયાન અન્ય પક્ષીઓ રહે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

### ખૂણે ખાંચરેથી...

- રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થાન દ્વારા ડિસસ્ટન્ટ લર્નિંગ મોડ સર્ટિફિકેટ કોર્સ ૧૦મી ફેબ્રુઆરીથી શરૂ થનાર છે. જિલ્લાના ૨૫ જેટલા અધિકારીઓ-પદાધિકારીઓ આમાં જોડાવાના છે.
- જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનોની નિયુક્તી માટે ફેબ્રુઆરીના બીજા પખવાડિયામાં કાર્યવાહી થશે તેવા સંકેતો મળી રહ્યા છે.
- મહાનગરપાલિકા દ્વારા દંડનીય કાર્યવાહી હાથ ધરવા માટે મોબાઈલ કોર્ટ અંગેના નિયમો તૈયાર કરવાની કવાયત આરંભાઈ છે.
- ગાંધીનગર શહેરના આંતરિક માર્ગોની સફાઈ ન થતાં શહેરના વિવિધ સેક્ટરોના ખૂણા હવે ગંદકીના થર બની રહ્યા છે.
- મરામતના કારણોસર આજે પાણી ઓછા ફોર્સથી અપાતાં ગૃહીણીઓએ ભારે મુશ્કેલી અનુભવી હતી.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં ઠંડીનો માહોલ જામતાં સાદા ફલુના કેસો પણ નોંધાઈ રહ્યા છે.

# ૧૬ વર્ષની કિશોરીનો મેદરા કેનાલમાં ઝંપલાવીને આપઘાત

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકા વિસ્તારમાં આવેલા હરસોલી ગામની ૧૬ વર્ષની કિશોરી ઘરેથી બે દિવસથી લાપતા હતી. દરમ્યાન આજે બપોરે મેદરા નર્મદા કેનાલમાંથી તેણીનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. કોઈ અગમ્ય કારણોસર કિશોરીએ કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

મુળ પાલજ ગામની અને હાલ હરસોલી ગામમાં રહેતી ૧૬ વર્ષીય કિશોરી પાયલ અરવિંદસિંહ ભાટી બે દિવસ પહેલા ઘરેથી લાપત્તા થઈ ગઈ હતી. તેણીની શોધખોળ ચાલી રહી હતી. પરીવારજનો દ્વારા કુટુંબીઓ અને સગાવ્હાલાઓ ઉપરાંત સખીઓના ઘરે પણ તપાસ કરી પરંતુ મળી આવી ન હતી. દરમ્યાન આજે બપોરે અઢી વાગ્યાના અરસામાં ગુમ કિશોરી પાયલના મામા પુનમસિંહ ચૌહાણ મેદરા કેનાલ નજીક શોધખોળ કરવા પહોચ્યા ત્યારે ભાણી પાયલનો તરતો મૃતદેહ દેખાઈ આવ્યો હતો. કોઈ કારણોસર કિશોરીએ કેનાલમાં ઝંપલાવી જીવન ટુંકાવી દીધુ હતુ. પાયલના મૃતદેહ અંગે મામાએ પોલીસને જાણ કરતા ડભોડા પોલીસ મથકના એએસઆઈ મહેન્દ્રસિંહ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ગુનાની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.


વસંત ઋતુના આગમનનાં એંધાણ વરતાઈ ચુકયા છે ત્યારે શહેરમાં કેસુડાનું વેચાણ વિધાનસભાનાં ગેટ પાસે શરૂ થઈ ગયું છે. છેલ્લા ૧૨ વર્ષથી અમદાવાદથી રીટાબેન 'હોળી' સુધી કેસુડા વેચવા આવે છે. આ વખતે કેસુડાના ફુલનો ભાવ ૪૦ રૂપિયે ૨૫૦ ગ્રામ છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# સિવિલમાં સિક્યુરીટીના ટેન્ડરની પ્રક્રિયા દોઢ વર્ષથી અભેરાઈએ

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં સલામતી માટે સિક્યુરીટી જવાનો રાખવામાં આવ્યા છે. પરંતુ આ સિક્યુરીટી એજન્સીને બે બે માસની મુદત વધારી આપવામાં આવે છે. સિવિલ હોસ્પિટલના તંત્ર દ્વારા છેલ્લા દોઢ વર્ષથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી નથી. બીજી તરફ સિવિલના સતાધિશો દ્વારા સિક્યુરિટીની જવાબદારી નિયત કરવા સંદર્ભે એક એજન્સી પર હેત વરસાવવામાં આવતુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આ સ્થિત વચ્ચે છેલ્લા કેટલાક સમયથી સિવિલ સંકુલમાં ચોરીનો ઉપદ્રવ વધતા સલામતી વ્યવસ્થા પર પણ પશ્નો મંડરાયા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તાર સહિત આસપાસના જિલ્લાના દર્દીઓ પણ સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલ પર પોતાની પસંદગી ઉતારે છે. શહેરની સિવિલમાં પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ અને આઠ માળની બિલ્ડીંગમાં ૬૦૦ પથારીની ક્ષમતા ધરાવતી અધ્યતન અને આધુનિક સુવિધા ધરાવતી હોવાથી દર્દીઓ થી સિવિલ ઉભરાય છે. ત્યારે સિવિલમાં આવતા દર્દીઓ તેમજ કેમ્પસની સલામતી માટે સિક્યુરીટી એજન્સીને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. આ સિક્યુરિટી જવાનો ત્રણ શિફટમાં કેમ્પસમાં વિવિધ સ્થળો પર પોતાની ફરજ બજાવે છે. સિવિલમાં છેલ્લા દોઢ વર્ષથી એક જ એજન્સી સિક્યુરિટીમાં કાર્યરત હોવાથી સિવિલના સતાધિશો સામે અનેક તર્ક વિતર્ક ઉભા થવા પામ્યા છે. સિવિલમાં કેમ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવતી નથી અને મીટીંગો યોજીને માત્રને માત્ર આ જ એજન્સીને બે બે માસની મુદત વધારી આપવામાં આવે છે. સિવિલમાં સિક્યુરિટીમાં ટેન્ડર કેમ બહાર પડતા નથી તેવું અધિકારીઓને પુછતા કોઈ પણ અધિકારી આ અંગે બોલવા તૈયાર થયા નહોતા અને એકબીજાને ખો આપી રહ્યા હોય તેવું લાગી રહ્યું હતું. સિવિલમાં એક જ સિક્યુરીટી એજન્સી પર કેમ હેત વરસાવવામાં આવી રહ્યો છે તેવો સુર ઉઠવા પામ્યો છે. સિવિલમાં વાહન ચોરીના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા છે છતા પણ આ જ એજન્સીને જવાબદારી આપીને હેત સિવિલના સતાધિશો વરસાવી રહ્યા છે.

## પકવાન પાસે સપ્તાહ સુધી ટ્રાફિકના નિયંત્રણ લદાયા

શહેરમાં એસ જી હાઈવે પરના પકવાન ચાર રસ્તા ખાતે ટ્રાફીકનું ભારણ દિન પ્રતિદિન વકરો થતો જાય છે. જેથી પોલીસ કમિશનર શિવાનંદ ઝાએ જાહેરનામુ બહાર પાડ્યું છે. શહેરના એસ જી હાઈવે પર આવેલું પકવાન ચાર રસ્તા પર એક અઠવાડીયુ એટલે કે તા. ૮-૨-૧૬ થી ૧૪-૨-૧૬ સુધી કોઈ પણ વાહન જમણી બાજુ વળી શકાશે નહી એટલે કે સવારે ૮થી૧૧, સાંજના ૫થી૯ વાગ્યા સુધી રાઈટ ટર્ન પરતદ્દન હંગામી ધોરણે પ્રતિબંધ મુકવવામાં આવ્યું છે.

# ડુંગરી ગરાસીયા સેવા સમાજનો સ્નેહ મિલન સમારોહ યોજાયો

## વિદ્યાર્થીઓ, બઢતી તેમજ નવી નિમણુંક પામેલા અને સેવા નિવૃત કર્મચારીઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૭

ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગરનો ૧૨મો વાર્ષિક સ્નેહ મિલન સમારોહ આજે ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન તથા બઢતી અને નવી નિમણુંક પામેલા અધિકારી-કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો જેમાં સમાજના બાળકોએ સુંદર ગીત, ડાન્સ, નાટક રજુ કરતા આમંત્રિત મહેમાનોએ તાળીઓથી વધાવી લીધા હતા.



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આયોજીત ડુંગરી ગરાસીયા સેવા સમાજના ૧૨મા સ્નેહમિલન સમારોહનું જે.આર.મોથલીયા (ડીઆઈજી), અને પૂર્વ ધારાસભ્ય રમીલાબેન બારા સહિતના આમંતિત્ર મહેમાનોએ દિપ પ્રગટાવી કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનું બુકે આપી સંસ્થાના હોદેદારોએ સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ ધોરણ-૧૦ થી ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે સારા ગુણ પ્રાપ્ત કરીને સમાજનું નામ રોશન કર્યુ હોય તેવા ૨૭ તેજસ્વી તારલાઓને, વિશિષ્ટ સિધ્ધી હાંસલ ૩, રમત-ગમત ક્ષેત્રે નામના મેળવી સમાજ અને ગુજરાતનું નામ રોશન કરનાર ૧૫ ખેલાડીઓ, સરકારમાં વિવિધ વિભાગોમાં ભઢતી પામેલ ૧૭ અધિકારીઓને, વય નિવૃત ૧૭, તેમજ સરકારમાં નવી નિમણુંક પામેલા ૧૬ કર્મચારીઓ અને સમાજના દાતાઓ સહિત તમામનું સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના ભાઈ બહેનો માટે રાખવામાં આવેલ સાંસ્કૃતિ કાર્યક્રમમાં બાળકોએ આદિવાસી નૃત્ય, ગઝલ, ડાન્સ, રી મિકસ સોન્ગ, હાસ્ય દરબાર અને વ્યસન મુકિત પર નાટક રજુ કર્યુ હતું.

જયારે લોકગીત શામળાજીને મેળે રણજણીયું રે પીજણીયું વાગે રજુ કરતા લોકોએ તાળીઓનો ગળગળાટ કર્યો હતો. આ પ્રસંગે પૂર્વ મંત્રી ડો.અનિલ જોષીયારા, ધારાસભ્ય વિજયનગર અશ્વિન કોટવાલ, અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજુભાઈ પારઘી, કલેકટર અધિક નિવાસી દાહોદ કે.જે.બોર્ડર, નાયબ સચિવ ટેકનીકલ શિક્ષણ ડી.એમ. ખરાડી, એન.બી.બલાત, એ.બી.ગામેતી, જયંતિભાઈ નિનામા, ચંદ્રીકાબેન બરંડા, ડો.ગજેન્દ્ર બલાત, કિશોરભાઈ મેણાત, દિનેશભાઈ વિસાત, સંસ્થાના હોદેદારો સહિત મોટી સંખ્યામાં સમાજના ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

# ઝીકા વાયરસ : તમામ બંદરો પર પણ એલર્ટની જાહેરાત

અમદાવાદ,તા. ૭

ઝીકા વાયરસને લઈને દુનિયાના તમામ દેશોની સાથે સાથે ગુજરાત સહિતના ભારતના રાજ્યમાં પણ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે ત્યારે ઝીકા એલર્ટના સંદર્ભમાં તમામ બંદરો ઉપર પણ ચેતવણી જારી કરવામાં આવી છે. સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે.

વિદેશથી આવતા સ્થાનિક અને વિદેશી યાત્રીઓની ચકાસણીના સંદર્ભમાં રાજ્યના તમામ વિમાની મથકો ઉપર એલર્ટની જાહેરાત કરવામાં આવ્યા બાદ આરોગ્ય મંત્રાલય દ્વારા હવે તમામ બંદરો ઉપર પણ સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરી છે. સાથે સાથે ચકાસણીની પ્રક્રિયાને તીવ્ર બનાવી છે. એલર્ટની જાહેરાતના ભાગરુપે હોસ્પિટલોને પણ સાવધાન કરાયા છે. ગુજરાત સરકાર દ્વારા ખાનગી હોસ્પિટલો માટે એક આદેશ જારી કરવામાં આવનાર છે. જેના ભાગરુપે સગર્ભા મહિલાઓ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત રહેશે. ઝીકા વાયરસની અસર સૌથી વધારે સગર્ભા મહિલાને થઈ રહી હોવાની વિગત સપાટી ઉપર આવ્યા બાદ આ ચકાસણી હાથ ધરવામાં આવનાર છે. ઝીકા અસરગ્રસ્ત દેશોમાંથી આવનાર કોઈ વ્યક્તિ ઉતરાણ કરશે તો તે વ્યક્તિની વાયરસની ઉપસ્થિતિ શરીરમાં છે કે કેમ તેની ખાતરી કરવા માટે ચકાસણી થશે. જો કોઈ ઈન્ફેકશન દેખાશે તો સારવાર આપવામાં આવશે જેથી આ રોગ ફેલાય નહીં. એક ખાસ સમિતિની બેઠક મળી ચુકી છે જેમાં આરોગ્ય નિષ્ણાતો અને વહીવટી અધિકારીઓએ વાયરસના સંદર્ભમાં પગલા ઉપર ચર્ચા કરાઈ હતી.

